# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-09-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## કેન્દ્રીય ગૃહમંત્રી-સ્ટાર્ટ-અપ પરિષદ:

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે બે દિવસની સ્ટાર્ટ-અપ પરિષદનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે સંબોધન કરતાં, શ્રી શાહે સ્ટાર્ટ-અપ વ્યવસ્થાને નવા ભારતની કરોડરજ્જૂ સમાન ગણાવી.તેમણે કહ્યુ દેશમાં 10 વર્ષમાં 17 લાખ 90 હજારથી વધુ લોકોને સ્ટાર્ટઅપ દ્વારા રોજગારી મળી છે. આ પ્રસંગે શ્રી શાહે ઉધોગ જગતના પ્રતિનિધિઓને યુવા સ્ટાર્ટઅપ્સમાં રોકાણ કરવા હાકલ કરી અને યાવા ઉધોગ-સાહસિકોને કૃષિ, પ્રવાસન સહિતના ક્ષેત્રમાં સ્ટાર્ટ-અપ શરૂ કરવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ગૃહમંત્રીએ શિક્ષણ વિભાગ દ્વારા વિકસાવેલા રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ડેશબોર્ડનો શુભારંભ કર્યો હતો.

**---------------------------------------------------------------------------------------**

## માનવ વસાહત રહિત ટાપુઓ પર પ્રતિબંધ :

જીલ્લાના માનવ વસાહત રહિત 21 ટાપુઓ પર પ્રવેશ પ્રતિબંધ જાહેર કરાયો છે. શેખરણ પીર, ઓગતરા, લુણાબેટ, ખદરાઈ પીર ટાપુ, સૈયદ સુલેમાન પીર ટાપુ, ચભડીયો ટાપુ, લુણ ટાપુ, ગોધરાઇ ટાપુ, મોટાપીર, હેમતલ (હંઈતલ), હાજી ઈબ્રાહીમ, ખાનાણા બેટ, ગોપી બેટ, સતોરી બેટ, ભકલ બેટ, સાવલા પીર, સુગર બેટ, પીર સનાઈ, બોયા બેટ, સેથવારા બેટ, સત સૈડા ટાપુ સહિત કુલ-૨૧ ટાપુઓ પર પ્રવેશ કરવા પર જિલ્લા મેજીસ્ટ્રેટ આનંદ પટેલ દ્વારા પ્રતિબંધ ફરમાવ્યો છે. આ જાહેરનામુ આજે 23 સપ્ટેમ્બરથી આગામી 15મી નવેમ્બર સુધી

અમલમા રહેશે. જાહેરનામા અન્વયે સુરક્ષા એજન્સીઓ તેમજ સરકારી કામે રોકાયેલા કર્મચારી અને અધિકારીઓને મુક્તિ આપવામાં આવી છે.

---

## પાબીબહેન રબારી:

એક સમયે 1 રૂપિયાની કમાણી કરતા પાબીબેન રબારીએ પોતાના સાહસ થકી ગ્રામીણ સ્તરે સાહસિકતાને ઉજાગર કરી આજે 300 થી વધુ મહિલાઓને રોજગારી આપી રહ્યા છે. એટલુ જ નહી તેઓ રબારી ભરતકામને પ્લેટફોર્મ પુરૂ પાડવા માટે વેબસાઈટ ચલાવી રહ્યા છે. તેમની આ સાફલ્યગાથાનો અવાજ હવે વૈશ્રિક કક્ષાએ સંભાળશે.

આગામી સયમમાં રાજ્યમાં યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ(VGRC)માં તેમના જેવી ખમીરવંતી મહિલાઓની સાફલ્યા ગાથાઓ રજુ થશે. કચ્છની હસ્તકળાને આંતરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ અપાવનાર અને હજારો મહિલાઓ માટે પ્રેરણા સમાન મહિલા ઉધમી પાબીબહેન રબારીએ આકાશવાણીને પોતાનો પ્રતિભાવ આ રીતે આપ્યો હતો.

(બાઈટ-પાબીબેન રબારી)

---

## સ્વચ્છતાહી સેવા:

‘‘સ્વચ્છતા હી સેવા અભિયાનની ઉજવણીના ભાગરૂપે જીલ્લાના ગ્રામીણ ક્ષેત્રોમાં ધાર્મિક તથા જાહેર સ્થળોની સફાઇ સાથે સરકારી કચેરીઓમાં સફાઈ અભિયાન હાથ ધરાયુ હતું.

આ ઉપરાંત ગ્રામ્યસ્તરે સ્વચ્છતા શપથ, વૃક્ષારોપણ, ધાર્મિક સ્થળો, જાહેર માર્ગો, આંગણવાડી કેન્દ્રો સહિતના સ્થળોની સફાઇ કરાઇ હતી. મીઠીરોહર, વિરાણી નાની, મમાયમોરા, વિગોડી, વરલી, વાંકી, બગડા સહિત વિવિધ ગામોમાં સફાઇના કાર્યક્રમો હાથ ધરાયા હતા.આ સાથે જ શાળા તથા આંગણવાડીકક્ષાએ પણ વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા.

---

# રાષ્ટ્રીય પોષણ માસ-“સ્વસ્થ નારી-સશક્ત પરિવાર અભિયાન:

ભારત સરકાર દ્વારા 17મી સપ્ટેમ્બરથી 16 મી ઓક્ટોબર 2025 દરમિયાન 8માં રાષ્ટ્રીય પોષણ માહની ઉજવણી કરી રહી છે. મહિલાઓના આરોગ્યને મજબુ બનાવવા માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા “સ્વસ્થ નારી-સશક્ત પરિવાર પખવાડીયા”ની પણ ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ,આરોગ્ય વિભાગ,શિક્ષણ વિભાગના સંકલનથી ગ્રામ્ય અને આંગણવાડી સ્તરે તંદુરસ્ત જીવન શૈલી માટે યોગ શિબર,આહારની વાનગીઓની હરીફાઈ,સામુહિક પોષણ શપથ,પોષણ ક્વિઝ,ચિત્ર સ્પર્ધા, પોષણની રેલી જેવી જાગૃતિલક્ષી પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે.

ગાંધીધામમાંICDS તથા આરોગ્ય વિભાગ દ્વારા મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તંદુરસ્ત જીવન શૈલી અંગેની સમજ આપવામાં આવી. કેમ્પમાં આયુષ્માન કાર્ડ,કેન્સર સ્ક્રીનિંગ, હીમોગ્લોબીન, ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરની તપાસ જેવી આરોગ્યલક્ષી વિવિધ સારવાર પૂરી પાડવામાં આવી હતી.ચિત્રોડ ખાતે પણ મેડીક કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું.

---

# રોજગાર મેળો:

જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા આઈ.ટી.આઈ. ભુજ ખાતે આવતીકાલે રોજગાર મેળો યોજાશે. જેમાં એસ.એસ.સી, એચ.એસ.સી, આઈ.ટી.આઈ, ડિપ્લોમા, ગ્રેજ્યુએટ ઉમેદવારો ભાગ લઈ શકશે. ઉમેદવારોએ પોતાના શૈક્ષણિક લાયકાત તેમજ અનુભવના પ્રમાણપત્રોની નકલો અને બાયોડેટા સાથે ભરતીમેળામાં ઉપસ્થિત રહેવા જીલ્લા રોજગાર અધિકારીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે

---